મોબાઈલ નં. આપવા માટે દરેક સભ્યોને વિનંતી

'સ્ટેચ્યુ ઓફ યુનિટિ' પ્રવાસ : તા. ૧૪-૧૧-૨૦૧૯, ગુરૂવાર

સમય : સવારે ૫-૦૦ કલાકે, સ્થળ : ટાઈમ્સ ઓફ ઈન્ડીયા, આશ્રમ રોડ, અમદાવાદ થી ઉપડશે.

પ્રવાસની વિગત : ૨X૨ એ.સી., સીટ નંબર બેઠકની વ્યવસ્થા ડ્રો દ્વારા કરવામાં આવશે. પ્રવાસમાં સવારે ઓમકાર તીર્થ નવકારશી, બાદ કેવડીયા કોલોની તરફ પ્રયાણ. ત્યાં ભોજન, 'સ્ટેચ્યુ ઓફ યુનિટિ'ની મુલાકાત, બપોરે ચા-નાસ્તો, સાંજે લેસર શો, ભોજન - પતાવીને રાત્રે જ્યાંથી બસ ઉપડી હતી ત્યાંથી આવવાનું રહેશે.

બુકીંગ : તા. ૨૪-૧૦-૨૦૧૯, ગુરૂવારના રોજ નવરંગપુરા ઉપાશ્રય સાંજે ૫-૦૦ થી ૬-૦૦ કલાક દરમ્યાન. ● બુકીંગ માટે રૂા. ૧૨૦૦/- વ્યક્તિ દીઠ (તમામ ખર્ચ સાથે) આપવાના રહેશે.

બુકીંગના દિવસે જ મીઠાઈના બોક્સનું વિતરણનું આયોજન કરેલ છે. તો દરેક સભ્યશ્રીએ તે જ સમયે મીઠાઈના બોક્સ મેળવી લેવી.

નોંધ : ભાગ્યશાળીઓ માટે ભાગ લેવા માટે : રૂા. ૨૦૦૦/- નવકારશી (ભાગીદારીમાં ચાલશે.) ● રૂા. ૩૫૦૦/- બપોરે ભોજનના ● રૂા. ૩૦૦૦/- સાંજે ભોજનના તેમજ સાંજે ચોવિહાર માટે નામ લખાવવા.

બોક્સની સુવિધા કરવામાં આવશે. દવા, પાણીની બોટલ, હળવા વજનની થેલી વ. સાથે રાખશો. વ્હીલચેર વ.નું ખર્ચ પોતે આપવાનું રહેશે.

પ્રિય સભ્ય મિત્રો... જય જિનેન્દ્ર ...!

મિત્રો ! શાસન મળ્યુ સદ્ભાગ્યે તારૂં ! પ્રભુ મુજને આજ<br>
ગુરૂભક્તિ ને સાધર્મિક સેવા, તક મળી છે મુજને...<br>
વિનય ભાવે દેવ, ગુરૂ, ધર્મને આરાધીને<br>
કરૂં સિદ્ધ સર્વ કાર્ય મારા, કૃપા તારી પામીને...

ગૌતમ સ્વામીએ મહાવીર સ્વામીને પુછ્યું : 'હે પૂજ્ય ! ગુરૂ અને સાધર્મિકની સેવા કરવાથી શું લાભ મળે ?"

જે સાધક ગુરૂની અને સાધર્મિકની સેવા કરે છે તે વિનય ગુણથી આતમ સંપન્ન બને છે. આ રીતે ગુરૂ અને સાધર્મિક ભક્તિ કરનાર વ્યક્તિ વિનયગુણને પ્રાપ્ત કરે છે. દરેક વ્યક્તિ પરમ પ્રત્યેની ભક્તિનો માર્ગ જુદી જુદી રીતે અપનાવી લે છે. તેમાંનો એક માર્ગ છે ગુરૂભક્તિ : જે સદ્ગુરૂ છે તેની ભક્તિ આપણને અંધકારમાંથી પ્રકાશ તરફ પહોંચાડી દે છે. ભૂલ બતાવી ભૂલમાંથી અભૂત બનતી ભગવાન સુધી પહોંચતી દે છે. અશાતનાના પાપથી બચાવે છે. શુભ કર્મનો બંધ કરાવે છે અને સુગતિને પ્રાપ્ત કરાવે છે.. આમ..

ભક્તિ માંગે છે સરળતા, શ્રદ્ધા અને સમર્પણતા - પ્રભુને માર્ગે પહોંચવામાં ભક્તિનો માર્ગ સરળ છે. જ્ઞાનનો માર્ગ કઠિન છે. ક્યારેક ભાવથી ભગવાનની ભક્તિ કરતા સ્વયં ભગવાન બની જવાય. એવી જ એક આપણા જેવી વ્યક્તિની વાત કરૂં છું. મિત્રો ! આ સાચી વાત છે.

થોડા જ સમય પહેલાની વાત છે. લીંબડી ગોપાલ સંપ્રદાયના બા.બ્ર.પૂ. શ્રી નમ્રતાબાઈ મ.સ.ને હોસ્પિટલમાં દાખલ કરેલ હોવાથી તેમની સેવામાં હંમેશ સેવામાં રડી રહેતા એવા શ્રી જગદીશભાઈ દફતરી પણ તેમની સેવામાં રોકાયા હતા. ત્યાં જ તે જ સંપ્રદાયના પ.પૂ. મનિષાબાઈની આનંદનગર ઉપાશ્રયમાં બિરાજતા હતા અને તેઓની તબિયત એકદમ બગડતા તેમને સાલ હોસ્પિટલમાં I.C.U. માં દાખલ કરવામાં આવ્યા અને જગદીશભાઈ પણ તેમની સાથે રહ્યા હતા. તે સમયે જગદીશભાઈને એકદમ છાતીમાં ગભરામણ શરૂ થઈ અને એકદમ બેભાન થઈ ગયા અને ઈશ્વરકૃપા કે હોસ્પિટલમાં હોવાથી I.C.U. માં હાર્ટની ટ્રીટમેન્ટ તાત્કાલિક મળી જતા બે દિવસ બાદ તેઓ ભાનમાં આવેલ અને સૌ સ્વજનો આનંદમાં આવી ગયા.

ડૉ. તુષારભાઈ શાહ હાજર હતા અને તેમના કહેવા પ્રમાણે તેમની તબીયત એકદમ નાજૂક હતી. બચવાના ચાન્સીસ ખૂબ જ ઓછા હતા. પણ સાધુ સંતોની સમર્પિત ભાવની સેવા અને વૈયાવચ્ચને કારણે પૂણ્યો આડા આવી ગયા અને સંતોની કૃપાથી જોખમમાંથી તેઓ બહાર આવી ગયા. હોસ્પિટલની બહાર ક્યાંય પણ આ બનાવ બન્યો હોત તો બચવાના કોઈ ચાન્સ ન હતા અને અડીને અહીં સેવા અને વૈયાવચ્ચનું ફળ તેમને તરત જ મળ્યું અને ફળ્યું.

ગૌતમના જવાબમાં ભગવાન મહાવીરે કહ્યું વૈયાવચ્ચેના નિત્યયનામ ગોયં નિબંદ્ધહુ । વૈયાવચ્ચથી જીવ તિર્થંકર નામ ગોત્ર ઉપાજે.

આપણા સમાજમાં કોઈપણ પ્રકારની સેવાનું મૂલ્ય જેટલું અંકાવું જોઈએ તેટલું અંકાતુ નથી. કુ. પ્રવિણાબહેન શાહ. લગભગ સાધ્વીજીવન સંસારમાં રહીને જીવે છે. દૂરદૂરના સ્થળોમાં પણ પૂ. સાધ્વીજીઓ તેમના હાથે લોચ કરાવવાની રાહ જોતા હોય છે. લોચ માટેનો પ્રવિણાબહેનનો તેમના માથે હાથ ફરતા પૂ. સતીજીઓને જાણે કોઈ મમતાળુ માતાનો હાથ ફરતો હોય તેવું લાગે છે. પ્રવિણાબહેન કોઈ પણ વધારાની સગવડતાની અપેક્ષા રાખ્યા વગર બધે જ હસતા હસતા પહોંચી જાય છે. જરૂર હોય ત્યા આપણે આર્થિક રીતે, માન, સન્માન, બહુમાનની રીતે કાંઈ કરતા નથી. તેમજ માનસિકતાની રીતે પણ આપણે ખૂબ જ સહજ રીતે તે વાતને નજીવી રીતે લઈ લઈએ છીએ. હા.. પણ...

જ્યારે દાતાઓ દાન લખાવે છે ત્યારે.. દાનનો પ્રવાહ કેવા સ્થાનથી આવે છે. તેમાં નિતિમત્તા, પ્રમાણિકતા વ. ની કેટલા અંશે આશા રાખી શકાય. એ વાત પણ સત્ય છે કે સામાજિક કાર્ય દાન વગર થઈ શકવા મૂશ્કેલ છે. વળી એ દાનનો ઉપયોગ કેટલા અંશે સ્વચ્છ હશે.. વ. છતાં એટલું તો જરૂરથી કહી શકાય કે દાન દિવાલની તકતી નામની ઉપર જડાય છે જ્યારે સેવાનું મૂલ્ય તો.. પછી તે ડૉક્ટરની હોય, શિક્ષકની હોય કે કોઈપણ પ્રકરની હોય પણ તે માનવીના હૈયા હંમેશ માટે જોડાય છે.

**પ્રમુખ શ્રી અરવિંદભાઈ સંઘવી ● ઉપપ્રમુખ પ્રવિણા ગાંધી ● મંત્રીશ્રી અશોક ગાંધી**

## કંજૂસાઈ અને કરકસર

બંગાળમાં ભૂદેવ મુખોપાધ્યાય નામે એક સજ્જન થઈ ગયા. એક વાર તેમના એક પુત્રને શાળાના વર્ગશિક્ષકે ટકોર કરતાં કહ્યું : "તારા બાપુજી તો ભારે કંજૂસ છે. એમને આટલો બધો પગાર મળે છે, પણ તે દુર્ગાપૂજા જેવા ધાર્મિક ઉત્સવની ઉજવણી કરતા નથી !"

પુત્રે આવીને આ વાત પિતાશ્રીને કહી. ભૂદેવ મહાશય બોલ્યા : "તારા શિક્ષકની વાત તો સાચી છે. પરંતુ દુર્ગામાની પૂજા આપણે ઘેર રોજ થાય જ છે. મને જાહેરમાં માની પૂજા ઉજવવાનું ગમતું નથી. એથી તો આપણો ગર્વ જ પોષાય છે. ખરી રીતે એ સાચી પૂજા ન કહેવાય, એવું મારૂં નમ્ર માનવું છે."

હવે જ્યારે ભૂદેવ મહાશય વયોવૃદ્ધ થયા, ત્યારે તેમણે પોતાના પિતાને નામે સંસ્કૃત ભાષાના અધ્યયનને સહાયતા મળે એ સારૂ દોઢ લાખ રૂપિયાનું દાન કરીવે વિશ્વનાથ ટ્રસ્ટ ફંડની સ્થાપના કરી. એ વેળા તેમણે પોતાના એ પુત્રને કહ્યું : "ખર્ચમાં કરકસર કરીને અને દુર્ગાપૂજા વગેરે ધાર્મિક ઉત્સવોની પાછળ પૈસા વેડફી ન નાખીને, જે કંઈ બચત થઈ તેનો ઉપયોગ આજે આવા સારા કામમાં હું કરી શક્યો છું. બેટા, તું પણ આ વાત ધ્યાનમાં રાખજે. ઓછી જરૂરનાં કાર્યોમાં શક્તિ અને સંપત્તિનો ખોટો ઉપયોગ કરવાથી ખરેખરી જરૂરિયાતનાં સારાં કામો કરવાની શક્તિ અને ગુંજાસ પછી બાકી રહેતાં નથી."

## વસ્તુનું સાચું મૂલ્ય

એક ધનવાનને હીરા, માણેક વગેરે કિંમતી ઝવેરાત ખરીદવાનો બહુ શોખ હતો. જે કોઈ માણસ એને ત્યાં મહેમાન તરીકે આવે એને તે પોતાનું કિંમતી ઝવેરાત બતાવે, પેલો મહેમાન એ ઝવેરાતનાં વખાણ કરે, ત્યારે તેને ખૂબ જ આનંદ થતો.

હવે એક વાર તેને ત્યાં એક સાધુપૂરૂષ પધાર્યા. એ સાધુને પણ તેણે પોતાનો એ કિંમતી ખજાનો બતાવ્યો. સાધુએ હીરા, માણેક વગેરે બતાવીને પેલા ધનવાનને પૂછ્યું : "તમને આ શા ઉપયોગમાં આવે છે ! એમાંથી તમને કશો ફાયદો થાય છે ખરો ?"

ધનવાન ગર્વભેર બોલ્યો : "મહારાજ, એમાંથી કશી ઉપજ થતી નથી, ઉલટું એ કિંમતી વસ્તુઓ સાચવવા માટે મારે બીજો ખર્ચ કરવો પડે છે. આટલો બધો ખર્ચ કરવાનું સાધારણ માણસને કદી ન પરવડે." ધનવાન માણસને આ રીતે પોતાની બડાઈ હાંકતો જોઈને પેલા સાધુપુરૂષે કહ્યું : "તમે જરા મારી સાથે આવો. હું તમને કશુંક બતાવું."

એ બતાવીને સાધુ બોલ્યા : "આ ઘંટી પથ્થરની છે અને એ આ ગરીબ બાઈને પોતાના ભરણપોષણ જેટલું રળી આપવામાં મદદરૂપ થાય છે. ત્યારે તમારી પાસે જે કિંમતી પથરાઓ છે એ તો કશા ઉપયોગમાં આવવાને બદલે નકામો ખર્ચ વધારે છે. તેથી તમારા એ નકામા પથરાઓ કરતાં વિધવાનો આ પથરો ઘણો કિંમતી ગણાય. કારણ કે તે આ વિધવાને આધારરૂપ નીવડે છે." સાધુપુરૂષનાં આ વચનો સાંભળીને પેલા ધનવાનનું ખોટું ગુમાન જતું રહ્યું.

### તા. ૦૧-૦૯-૨૦૧૯ થી તા. ૩૦-૦૯-૨૦૧૯ સુધી દાન સિવાયની પહોંચની વિગત

| વિગત | પહોંચ નંબર |
|---|---|
| સમાજ આરસી બાયોડેટા | ૫૬૨, ૫૬૪, ૫૬૬, ૬૦૯ |
| સમાજ આરસી લવાજમ | ૫૫૭, ૫૬૩, ૫૭૯, ૫૯૮ |
| લોન ધિરાણ | ૫૮૧, ૫૮૨, ૫૮૩, ૫૮૪, ૫૮૫, ૫૮૬, ૫૮૭, ૫૮૮, ૫૮૯, ૫૯૦, ૫૯૧, ૫૯૨, ૫૯૩, ૫૯૪, ૫૯૫ |
| સમાજ આરસી જાહેરાત | ૫૫૯, ૬૦૮ |
| સમાજ આરસી શ્રધ્ધાંજલી | ૫૫૧ |
| અન્ય | ૫૫૨, ૫૫૩, ૫૫૪, ૫૫૫, ૫૫૬ |
| કેન્સલ | ૬૧૩, ૬૧૪ |

Meet Shah
8104760067

SHARE CLAIM CONSULTANT

Ankit Shah
7045316193

We provide solution for the queries related to:

- Recovery of Unclaimed Shares / Dividend from Company / IEPF (Govt Reserve)
- Claiming of lost/misplaced Shares
- Transmission of Shares
- Issue of Duplicate Share Certificate
- Legal heirship of Shares
- All other problems related to Claiming Compliance

B-35, MF, Nirman Complex,
Opp. Havmor Restaurant,
Navrangpura, Ahmedabad - 380009
E-mail : claimofshares@gmail.com

## અભિમાન !

નારદ મુનિ રાતદિવસ નારાયણનું રટણ કર્યા કરે છે. એકવાર નારદ મુનિના મનમાં અભિમાન ઉત્પન્ન થયું : ભગવાનનો મારા જેવો બીજો કોઈ પરમ ભક્ત નહીં હોય. મારી માફક રાતદિવસ ભગવાનનું કોઈ નામ લેતું નહીં હોય.



વિષ્ણુ ભગવાનને આ વાતની જાણ થઈ ગઇ. એક વાર ફરતા ફરતા નારદ મુનિ વૈકુંઠ આવ્યા. થોડી વાતચીત પછી વિષ્ણુ ભગવાને કહ્યું : નારદજી, તમે પૃથ્વી પર જાઓ તો મારા એક ખેડૂત ભક્તને જરૂર મળજો. એ મારો પ્રિય ભક્ત છે. એના દર્શન કરી તમે જરૂર ધન્ય થશો.

વિષ્ણુ ભગવાનનાં આ વચનો સાંભળી નારદ મુનિને આશ્ચર્ય થયું. એવો તે કેવો ભક્ત એ છે કે જેનાં દર્શન કરવા ભગવાન મને કહે છે ? એટલે નારદ મુનિ તો વૈકુંઠમાંથી સીધા પેલા ખેડૂતને ઘેર ગયા. નારદ મુનિએ પેલા ખેડૂતને કહ્યું : હું તમારે ત્યાં અતિથિ તરીકે બે-એક દિવસ રહેવા માંગુ છું. ભગવાનની એવી મરજી છે.

ખેડૂત તો તે સાંભળીને ગળગળો બની ગયો. તે નારદ મુનિને ઓળખી શક્યો નહીં. પરંતુ કોઈ ભક્ત ભગવાનની મરજીથી પોતાને ત્યાં આવે એ કોને ના ગમે ?

નારદ મુનિ એ ખેડૂતને ત્યાં રહ્યા અને એ આખો દિવસ શું કરે છે તે જોવા લાગ્યા. ખેડૂત આખો દિવસ ખેતરમાં સખત મહેનત કરતો હતો; બે વખત સાદો ખોરાક ખાતો હતો અને રાતે કામનો થાક ઉતારવા ઘસઘસાટ ઉંઘતો હતો. મુનિએ ખાસ તો એ જોયું કે, તે ભગવાનનું નામ કેટલી વાર લે છે. ખેડૂત સવારે ઊઠતી વખતે અને રાત્રે સૂતી વખતે 'રામ' બસ એટલું જ બોલતો.

નારદ મુનિને થયું : આ ખેડૂત આખા દિવસમાં બે જ વાર હરિનું નામ લે છે અને બાકીનો વખત પોતાના કામમાં રચ્યોપચ્યો રહે છે. એ ઉપરથી એને મોટો ભક્ત શી રીતે કહેવાય ? એવાનાં દર્શન કરવાથી મારા જેવાને શો લાભ ?

આમ વિચારી મુનિ પાછા વૈકુંઠ ગયા. વિષ્ણુ ભગવાને કહ્યું : કેમ નારદજી, મારા પ્રિય ભક્તનાં દર્શન કરી આવ્યા કે ?

નારદ મુનિ જરા ધુંધવાઈને બોલ્યા : ભગવાન તમે પણ ખરા છો ! એ તો સુતી વેળાએ અને ઉઠતી વેળાએ એમ બે વાર તમારૂં નામ લે છે. એવામાં મોટું ભક્તપણું શું છે ?

વિષ્ણુ ભગવાન બોલ્યા : નારદજી, તમે ભૂલો છો, તે ખેડૂત દિવસમાં બે જ વાર મારૂં નામ લે છે, પણ તે સાચા પ્રેમથી લે છે. એટલે તેની અસર આખો દિવસ ટકી રહે છે. વળી તે આખો દિવસ ખેતરમાં સખત મહેનત કરે છે, તેથી ઘણા લોકોનું ભરણપોષણ તેના આધારે થાય છે. આખો દિવસ કામમાં રોકાયેલો રહે છે તોયે, હું કેટલાય વરસથી જોતો આવ્યો છું કે, તે મારૂં દિવસમાં બે વાર પ્રેમથી નામ લેવાનું કદી ચૂક્યો નથી. જ્યારે તમે મારૂં સતત નામ સ્મરણ કરો છો. પરંતુ એમાંથી નમ્રતા અને ભક્તિભાવ કેળવવાને બદલે તમે તો અભિમાની બની ગયા ! તમે જ કહો, તમારૂં સતત નામ સ્મરણ તમારા અભિમાનને પોષનારૂં નથી બન્યું ? તો પછી પેલા મહેનતુ ખેડૂતને પ્રેમભાવપૂર્વકનું ફક્ત બે જ વારનું નામ સ્મરણ તમારા કરતાં ચડે કે નહીં ?


ભગવાનનું બોલવું સાંભળી નારદ મુનિને સાચી વસ્તુ સમજાઈ. તે ભગવાનને લજ્જાપૂર્વક નમીને બોલ્યા : ભગવાન, ક્ષમા કરજો. તમારે એ ભક્તનો ભક્તિભાવ મારા કરતાં ચડે. મારૂં અભિમાન મિથ્યા હતું!

## અધીરાઈ !

ચીનના એક ગામમાં એક મજૂરે એક વાર લોટરીની ટિકિટ લીધેલી. ભાર ઉચકવા માટે જે કડિયાળો વાંસ એ રાખતો હતો તેના પોલાણમાં તેણે એ ટિકિટ રાખી મૂકી હતી.

પરિણામને દિવસે તેણે સાંભળ્યું કે, એની ટિકિટનો નંબર પહેલો આવ્યો છે. એ સાંભળીને તે ખૂબ હર્ષમાં આવી ગયો. તે તો નાચવા-કૂદવા લાગ્યો. એને થયું, હવે મજૂરનો ધંધો કરે એ બીજા ! હવે તો હું બસ લીલાલહેર કર્યા કરીશ. એમ વિચારતાં એને થયું, "હવે મારે આ ભાર ઉંચકવાના વાંસનું શું કામ ? મારે ઓછી જ કંઇ મજૂરી કરવી છે ? એમ કહીને તેણે એ વાંસ નદીમાં ફેંકી દીધો.

વાંસ ખૂબ ખૂબ દૂર તણાઈ ગયા પછી એને એકાએક યાદ આવ્યું કે, ઈનામના આધારરૂપ ટિકિટ તો પેલા વાંસના પોલાણમાં હતી ! હવે શું થાય ? તે પોક મૂકી મૂકીને રડ્યો.

જસવંત સ્પે. (કાળો) શિકાકાઈ સાબુ
ઉત્પાદક : જસવંત સોપ ઈન્ડસ્ટ્રીઝ
૪૧, સરદાર પટેલ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, શાહવાડી પાસે,
નારોલ, અમદાવાદ - ૩૮૨૪૦૫.

॥ શ્રી જિનેન્દ્રાય નમઃ ॥
DIAL : (079) 26580863
Four Colour
Design
Bill Book
Letter pad etc.
SIDDHARTH
PRINTERY
LL.13, Harekrishna Complex,
Opp. Kothawala Flats, Pritamnagar,
Ellisbridge, Ahmedabad - 6.

# દિલાવર દિલનો રાજા..





ગોદાવરી નદીના જળ પ્રેમના પાણી બની ગયા !

માનવતા પોતાની સુગંધ હંમેશા પ્રસારે છે. ઈ.સ. ૧૭૨૮ની વાત છે. રાજા બાજીરાવ પહેલો અને નિજામ ઉલમુક વચ્ચે ભીષણ લડાઈ જામી. ચારેકોર હાહાકાર ફેલાઈ ગયો.

ગોદાવરી નદીના કિનારે ભયંકર યુદ્ધ જામ્યું. નદીના જળ અને નદીઓ કિનારો સૈનિકોની ચિચિયારીઓ, ઘોડાઓની હણહણાટીઓ, હથિયારોના અવાજથી ઉભરાઈ ગયો. બંને રાજાઓ જાન દઈને લડવા ઉતર્યા હતા.

આ સમયે નિઝામની સામે કલ્પનાતીત કટોકટી ઉભી થઈ. નિઝામની સેના પાસે અન્ન ખૂટી ગયું.

નિઝામ ઉલમુકની નિરાશાનો પાર ન રહ્યો. પોતાના વિરાટ સૈન્યનું યોગક્ષેમ સંભાળવું એ પોતાની જવાબદારી હતી. આ સમયે જો કોઈ પણ સંજોગોમાં અન્નની વ્યવસ્થા ન થાય તો સૈનિકો ભૂખમરાથી ટપોટપ મરવા માંડે. નિઝામે પોતાના મંત્રીઓ અને સેના નાયકોની મિટિંગ બોલાવી. બધા જ ચૂપ બેસી રહ્યા. કોઈ રસ્તો સૂઝતો નહોતો. નિઝામે કહ્યું : મને એક રસ્તો સૂઝે છે.

મંત્રીઓ કહે : હુકમ કરો.

નિઝામ કહે : અત્યારે માત્ર અન્ન આપી શકે તો રાજા બાજીરાવ જ આપી શકે. તેની પાસે અન્ન માંગો. મંત્રીઓ અને સેના નાયકો પોતાની સીટ પર ઉભા થઈ ગયા. કહેવા માંડ્યા : કે કેવી રીતે બને, જે આપણો દુશ્મન છે, લડવા ઉતર્યા છે તે અન્ન આપે જ કેવી રીતે ?

નિઝામ કહે : બાજીરાવ માનવતાવાદી રાજા છે. એક પ્રયત્ન કરવામાં શું જાય છે ? હું મારા સૈનિકોને ભૂખથી મરવા નહીં દઉં !

નિઝામે એક દૂતને સમગ્ર પરિસ્થિતિ સમજાવીને રાજા બાજીરાવ પાસે મોકલ્યો. પોતાના સૈન્ય માટે અનાજ જોઈએ છે અને કેટલું અનાજ જોઈએ છે તે જણાવ્યું. દૂત રાજા બાજીરાવ પાસે પહોંચ્યો.

રાજા બાજીરાવ કહે : આ સમયે અનાજ ન મળે તો શું થાય ?

દૂત કહે : સૈનિકોની વિરાટ સંખ્યા ખતમ થઈ જાય.

રાજા બાજીરાવે દૂતને એક રાવટીમાં રોકાવાનું કહ્યું. પોતાના મંત્રીઓ અને સેના નાયકોની મિટિંગ બોલાવી. નિઝામ ઉલમુકે કરેલી અનાજની માંગણી સૌને જણાવી.

મંત્રીઓ અને સેના નાયકો ઉશ્કેરાઈ ગયા. તેમણે કહ્યું કે, નિઝામના સૈનિકો માટે આપણે અનાજ આપી શકીએ જ નહીં. આપમે આમ પણ યુદ્ધ જીતવા નીકળ્યા છીએ. કુદરત આપણી તરફેણ કરતી હોય અને તેના સૈનિકો મરતા હોય તો મરવા દો. આપણે અનાજ આપી શકીએ નહીં.

રાજા બાજીરાવનું હૃદય પોતાના સાથીઓની વાત સ્વીકારતું નહોતું. તેમણે કહ્યું : મિત્રો, યુદ્ધ મારો ધર્મ છે, તો માનવતા પણ મારો ધર્મ છે. આપણા હરીફનો સૈનિક પણ આખરે તો મનુષ્ય છે. હું મારો માનવતાનો ધર્મ કોરાણે મૂકી ન શકું. આપણે અનાજ આપીએ એમાં પણ કંઇક સારૂં થશે.

રાજા બાજીરાવ નિઝામ ઉલમુકે મંગાવેલા અનાજ કરતાં પાંચ હજાર પોઠો વધારે અનાજ મોકલી આપ્યું. નિઝામે ઉલમુક અને તેના સાથીઓની આંખમાં પાણી આવી ગયા. હથિયારોના ખણખણાટ શમી ગયા. નિઝામ એક પણ હથિયાર વિના બાજીરાવની છાવણી તરફ ચાલ્યા. બાજીરાવે દૂરથી આ જોયું. તે પણ હથિયાર છોડીને નિઝામની સામે આવ્યા. બંને વર્ષો જૂના મિત્રો હોય તેમ ભેટી પડ્યા. ગોદાવરી નદીના જળ પ્રેમના પાણી બની ગયા.

પ્રભાવના : અપમાન કરવું નહીં, અભિમાન રાખવું નહીં, સ્વમાન વેચવું નહીં..

- આચાર્ય શ્રી વાત્સલ્યદીપસૂરિજી

YOGTHERAY CLINIC
Yogtherapy as Additional Therapy-Consultations for many kinds of diseases
Dr. Ketan Dholakia
M. D. (Anesthesiologist)
Consultant Allopathic Doctor & Yog Therapist
at Shrey Hospital
B/s. AMCO Bank, Nr. Stadium Cross Roads, Navarangpura, Ahmedabad-380 009 • Time: 6 to 8 pm • Monday to Saturday
Book Appointment : 98255 78055-94095 41362
E-mail: dr.ketandholakia9@gmail.com
Website: www.yogtherapyclinic.com
Try Once Before Operation
Please bring all reports - papers & prescriptions with you.

## સજા અને માફી

હિંદુસ્તાનમાં થઈ ગયેલો ટીપુ સુલતાનનો એક વંશજ પ્રિન્સ બસુરૂદ્દીન નામે થઈ ગયો. તેને ત્યાં એક વાર કેટલાક માણસો વાતચીત કરવા આવ્યા. બધા લોકો થોડી વાર પછી ઉઠીને ચાલ્યા ગયા પણ એક માણસ ત્યાં જ બેસી રહ્યો.

થોડી વાર પછી બસુરૂદ્દીન પોતાના કામ અંગે બીજા ઓરડામાં ગયો. એ વખત દરમિયાન પેલા માણસે બેઠક આગળ પડેલું બસુરૂદ્દીનનું સોનાનું ઘડિયાળ પોતાની કામળીમાં સંતાડી દીધું.

કામ પરવારી બસુરૂદ્દીન પાછો આવ્યો. એટલે પેલો માણસ જવા ઉઠવા લાગ્યો. એ વખતે એની કામળીમાંના ઘડિયાળમાં ટકોરા વાગ્યા ! એ નાના ઘડિયાળમાં અડધો અડધો કલાકે ટકોરા વાગે એવી ગોઠવણ કરી હતી.

બસુરૂદ્દીનનું ધ્યાન એ તરફ ગયું. તેણે જોયું કે એનું ઘડિયાળ જ્યાં મૂકેલું હતું ત્યાં નહોતું. એટલે તે ઝડપથી અંદર જવા ઉભો થઈ ગયો. એ અરસામાં પેલો માણસ ચોરી પકડાઈ જવાના ભયે ઘડિયાળ જ્યાં હતું ત્યાં પાછુ મુકવા લાગ્યો. તે જ વખતે બસુરૂદ્દીનનો પુત્ર સામેના બારણેથી અંદર દાખલ થયો હતો. તેણે આ જોયું. એટલે તે તરત જ પેલા માણસને એમ કરતાં પકડવા ધસ્યો.

ત્યાં તો બસુરૂદ્દીન અંદરના ઓરડામાંથી આંખનો ઈશારો કરી પોતાના પુત્રને અંદર બોલાવી લીધો અને કહ્યું : "એ માણસે ઘડિયાળ ચોર્યું છે એની મને ખબર પડી ગઈ હતી. જ્યારે એની કામળીની અંદરથી ઘડિયાળે ટન ટન અવાજ કર્યો, તે વખતે મેં એના મોં સામે જોયું હતું, ત્યારે તેના મોં ઉપરનું લોહી ભોંઠપને લીધે સાવ ઉડી ગયું હતું ! એ બાપડો શરમનો માર્યો મરી ગયો હતો ! એટલી સજા એને માટે બસ છે. હવે તેની સામે એક શબ્દ પણ ઉચ્ચારવાનો રહેતો નથી, કંઈ બન્યું જ નથી, એમ વર્તજે. પોતાના ખરાબ કામની નાલેશી માણસને આપમેળે સમજાય, એ જ એ માટેની તેને મોટામાં મોટી સજા મળેલી જાણવી."

## સુખ - દુ:ખ

ચીનની એક વાત છે :

એક વાર એક લશ્કરી ટુકડી નિર્જન પ્રદેશમાંથી પસાર થઈ રહી હતી. રસ્તે રાત પડતાં સૌ સૈનિકોએ એક જગ્યાએ થોડીક વાર આરામ લેવા પડાવ નાખ્યો. બેચાર કલાક પછી તેઓ ઉપડવાની તૈયારી કરતા હતા, ત્યારે તેમણે આકાશવાણી સાંભળી : "જતાં જતાં આ જગ્યાએથી મુઠ્ઠીભર કાંકરા લેતા જાઓ. એથી તમને સુખ મળશે અને દુ:ખ પણ મળશે."

સૈનિકોએ એ આકાશવાણી અનુસાર એક એક મુઠ્ઠી ભરીને ત્યાંથી કાંકરા ઉપાડી ગજવામાં મૂકી દીધા.

બીજે દિવસે સવાર થતાં એ લોકોએ ગજવામાંથી કાંકરા કાઢીને જોયા તો તે સાચા હીરા હતા !

હીરા જેવી કિંમતી વસ્તુ મળતાં દરેક સૈનિકને સુખ થયું : પરંતુ માત્ર એક મુઠ્ઠીભર જ હીરા મળ્યા, તેથી દરેકને દુ:ખ પણ થયું ! દરેક સૈનિકને મનમાં વસવસો રહી ગયો કે, ગજવાં ભરી ભરીને કાંકરા ઉપાડવા હોત તો કેવું સારૂં થાત !

## કળાકૌશલ્ય

યુરોપમાં માઈકેલ એન્જેલો નામના એક મોટા શિલ્પકાર થઈ ગયા. તે એક વાર મૂર્તિ બનાવતા હતા. એ સમય દરમિયાન એક મિત્ર એ મૂર્તિ જોવા આવ્યો. ત્યારબાદ એક અઠવાડિયા પછી એ મિત્ર ફરીથી એ મૂર્તિ જોવા આવ્યો, મુર્તિ જોઈને તે બોલ્યો : મિત્ર, તમે આખા અઠવાડિયા દરમિયાન વધારે ખાસ કંઈ કર્યું હોય એમ જણાતું નથી !"

એ સાંભળીને માઈકેલ એન્જેલો બોલ્યા : "અરે, એવું તે કંઈ બને ! મેં આ મુર્તિની પાછળ સખત મહેનત કરી છે. કપાળની કરચલી જરા વધારે ઊંડી કાપી છે. આંખનાં ભવાં બદલી નાખ્યાં છે અને ચહેરા પર નવી રેખાઓ કરી છે."

મિત્ર કહે : "આવા બહુ ઝીણવટભર્યા ફેરફારો કરવાની શી જરૂર ?"

માઈકેલ એન્જેલો હસતા હસતા બોલ્યા : "પણ એવી ઝીટવટથી જ કળાનું કામ સંપૂર્ણ થાય છે."

મનપસંદ મેરેજ બ્યુરો
મનપસંદ Marriage Bureau
જૈન તથા ઉચ્ચજ્ઞાતી
વેલ એજ્યુકેટેડ - વેલ સેટલ્ડ યુવક યુવતીઓ માટે પસંદગીની વિશાળ તક, મીટીંગની અલગ વ્યવસ્થા, સફળ યુવા મેળા ના આયોજક રજીસ્ટ્રેશન માટે :-
૩૦૧, શુકન કોમ્પ્લેક્ષ, ઓફ સી.જી. રોડ, જૈન ડેરી સામે, ફેરડીલ હાઈસની બાજુમાં, સ્વસ્તિક ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ
Phone : 26466208/9, 30028208, 9375809340
Email : smita@manpasandjodi.com
Website : www.manpasandjodi.com
૨૦૧૪ - યુવા મેળાની કેન્ડીડેટના બાયોડેટાની ફોર કલર બુક મળશે.

Rupesh A. Shah
Financial Advisor
• Mutual Funds • Deposites
• Gold • Asset Allocation
• Retirement Planning
A-8, Sarang Flat, U.C.O. Bank Flats, Hirabaug, Ambawadi, Ahmedabad - 380 006.
E-mail : rpsshh@yahoo.co.in, rupeshshah@ymail.com
M. : 9998067377 (R) 079-26427377

મો. : ૯૮૨૪૨ ૮૯૯૬૭
નવકાર ક્લીનીક
ડૉ. અમીત કે. દોશી (બોટાદવાળા)
B.H.M.S.
General Physician
૬૨/૭૩૩, ચિત્રકુટ એપાર્ટમેન્ટ, પેટ્રોલ પમ્પ સામે, સોલા રોડ, અમદાવાદ - ૬૩.
E-mail : navkarclinic@gmail.com
સમય : સવારે ૮-૩૦ થી ૧-૩૦ • સાંજે ૫-૦૦ થી ૯-૩૦ • રવિવાર સવારે ૯-૦૦ થી ૧૨-૦૦
જ્ઞાતીબંધુ તથા જરૂરીયાતમંદોને રાહતદરે સારવાર આપવામાં આવશે.
શુભેચ્છક : વૈદ્ય કીશોરભાઇ ત્રંબકલાલ દોશી, બોટાદ

# શરીરમાં શક્તિસંચય

રાજવૈદ્ય એમ.એચ. બારોટ

પરિચય : સામાન્ય પરિભાષામાં શક્તિસંચય એટલે શરીરને હષ્ટપુષ્ટ બનાવવું એવો થાય છે. અહીં શક્તિ, બળના અર્થમાં છે. આયુર્વેદમાં બળ, સામાન્ય અને વિશેષ એમ બે અર્થમાં વપરાયેલું જોવા મળે છે. સામાન્ય અર્થમાં બળ-મહેનત કરવાની, વજન ઉંચકવાની તાકાતના અર્થમાં વપરાય છે, પણ વિશેષ અર્થમાં બળ, રોગપ્રતિરોધક શક્તિ (ઈમ્યુનિટી)ના અર્થમાં પણ જોવા મળે છે. આમ શક્તિસંચય કરવો એટલે શરીરને સશક્ત બનાવવું ઉપરાંત તે રોગ સામે પ્રતિકાર કરે તેવું બનાવવું તેનો અર્થ છે.

આ શક્તિ સંચય કેમ કરવો ? તેવો એક પ્રશ્ન થવો સાહજિક છે. અલબત્ત, આયુર્વેદના પ્રસાર-પ્રચારને લીધે વ્યવહારમાં આ બાબત પરંપરાના રૂપમાં જોવા મળે છે જેમ કે અડદિયા પાક બનાવવો, જુદાં જુદાં વસાણા નાખીને સુખડી બનાવવી, તલનું કચરિયું ખાવું અને સારી ફાર્મસીનો ચ્યવનપ્રાશ ખાવો કે ઘરે પરંપરા હોય તો આમળાનું જીવન બનાવવા જેવા ઉપાયો યોજવામાં આવે છે.

આયુર્વેદમાં શક્તિસંચયનું આખું વર્ણન 'યુક્તિકૃતબલ'માં બતાવવામાં આવ્યું છે. આયુર્વેદ સ્પષ્ટ માને છે કે શરીરમાં બળ હોવું, શક્તિ હોવાનાં ત્રણ કારણો છે. બીજા શબ્દોમાં બળના પ્રકાર છે. પ્રથમ અને બળવાન પ્રકાર છે વ્યક્તિને વારસામાં મળેલું શારીરિક બળ. આને આયુર્વેદ સહજ બળ ગણે છે. આ સૌથી શ્રેષ્ઠ બળ છે. બીજું કાલકૃત બળ છે. આ બળનો આધાર સમય છે - ઋતુ છે. ગમે તેવો નબળો માણસ પણ યુવાનવય પ્રાપ્ત પ્રાપ્ત થતાં બળવાન બને છે. એ જ રીતે હેમંત-શિબિર અને વસંતઋતુમાં વ્યક્તિ બીજી ઋતુ કરતાં બળવાન હોય છે. ત્રીજું બળ-બળનો ત્રીજો પ્રકાર યુક્તિબળ છે. આપણે જ શક્તિ સંચયની વાત કરી રહ્યા છીએ તે આ પ્રકારનું બળ છે. શબ્દ જ સ્પષ્ટ છે કે જેમાં ઉપાયો યોજવાથી બળ વધે તેને યુક્તિકૃત બળ કહે છે. આપણે ઉપર જોઈ ગયા તેમ બળથી શારીરિક શક્તિ ઉપરાંત રોગપ્રતિરોધકની વાત પણ છે જ. એટલે એ જોતાં તો આજે ઉપયોગમાં લેવામાં આવતું આર્ટિફિશ્યલ ઈમ્યુનાઈઝેશન. એ બીજું કંઈ નથી પણ બાળોમાં કુત્રિમ રીતે ઉછેરવામાં આવતું યુક્તિકૃત બળ જ છે. આ રીતે જોવા જઈએ તો ઈમ્યુનાઈઝેશનની વાત આયુર્વેદમાં ત્રણ ઉપાયો અજમાવવામાં આવ્યા છે. જેમ કે (૧) આહાર (૨) વિહાર (૩) ઓજવર્ધક રસાયણો. આ ત્રણેને આપણે વિગત વિચારીને શિયાળામાં શક્તિસંચય કેમ કરવો તેનો વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ રજૂ કરીશું.

આહાર : આયુર્વેદમાં શક્તિસંચય માટેના આહારમાં બે બાબતોનો ખાસ ઉલ્લેખ જોવા મળે છે. આ બે માં એક આહાર છે - સ્નિગ્ધાહાર અને બળવાન આહાર. સ્નિગ્ધાહાર એટલે જેમાં ઘી-તેલનો ઉપયોગ પૂરતા પ્રમાણમાં થતો હોય તેવો ખોરાક, આ જ કારણસર અડદિયા જેવા ઘીમાં બનતા પાકનો વ્યવહારમાં ઉપયોગ થાય છે. અહીં એક વાતનું ધ્યાન દોરવું જરૂરી અને વૈજ્ઞાનિક છે કે આયુર્વેદમાં ફ્રેશ-તાજા ખોરાકનું જ મહત્ત્વ છે તેથી જ કહેવામાં આવ્યું છે. उष्णमश्नीयात् । ગરમ ખોરાક જ ખાઓ. તમે બનાવેલા અડદિયા એક બે દિવસ પૂરતા બરાબર છે તે પછી ખાવા યોગ્ય નથી જ. આહારનો બીજો પ્રકાર છે. બળવાન ખોરાક - પ્રોટીન સભર આહાર. એન્રીચ



પ્રોટીનવાળો ખોરાક. આયુર્વેદમાં બળવાન ખોરાક માનવામાં આવ્યો છે. આ રીતે જોતાં અડદની વાનગીઓ-અદડિયા, વગેરે બળવાન ખોરાક જ છે. જો તમે રોજ અડદિયાપાક ન બનાવી શકો તો વાસી અડદિયાપાકનું બહુ મહત્ત્વ નથી. એટલે સરસ બનાવેલી અડદની દાળ આવું જ કામ કરશે. અરે ! આ પણ શા માટે ? સાંજે ૨૦ ગ્રામ અડદની દાળ પલાળી નાંખો અને સવારે અકાદ ચમતી ખાંડ નાખીને ખાઈ જાવ. એ શ્રેષ્ઠ નાસ્તો - બળવાન નાસ્તો બનશે. યાદ રાખો જાતીય શક્તિ વધારનારા કેટલાક બળવાન ઉપાયોમાં આ અડદની દાળ એક ગણવામાં આવે છે, જો તે ખાંડ સાથે ખાવામાં આવે.

વિહાર : આપણા રોજના કામકાજો એટલે વિહાર. આયુર્વેદમાં આવા મુખ્ય ચાર વિહારોનો શક્તિ સંચય માટે ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ચાર ક્રિયાઓ છે. વહેલી સવારે ઉટવું, કસરત, વ્યાયામ, અભ્યંગ - માલિશ અને ઉષ્ણોદક સ્નાન ગરમ પાણીથી નહાવું.

સૂર્યોદય પહેલાં દોઢ કલાકે ઉટવું. એ શ્રેષ્ઠ સ્ફૂર્તિદાયક છે. એ તો પુરવાર થયેલ બાબત છે કે સૂર્યોદય પૂર્વે ઓઝોન નામનો વાયુ તેના મંડળમાં જતો રહે છે.

શરીરની શક્તિ પ્રમાણે જુદા જુદા આસનો કરવાં કે એરોબિક અને એનરોબિક કસરતો કરવી શિયાળામાં શ્રેષ્ઠ છે. યોગનાં આસનો શ્રેષ્ઠતમ છે અને તે શરીરમાં શક્તિસંચયમાં મદદ કરે છે. કસરતના ફાયદા બતાવતા આયુર્વેદમાં બતાવવામાં આવ્યું છે કે તેનાથી શરીરમાં સ્ફૂર્તિ આવે છે, કામ કરવાની શક્તિમાં વધારો થાય છે, સારી ભૂખ લાગે છે, શરીર પરની ચરબી ઘટે છે, શરીર ઘાટીલું અને માંસપેશીઓ શક્તિશાળી બને છે.

અભ્યંગ શ્રેષ્ઠ સુક્ષ્મ વ્યાયામ છે. અભ્યંગ એટલે શરીર પર તેલની માલિશ કરવી, આ તેલમાં તલનું તેલ શ્રેષ્ઠ છે. બહુ ઠંડીમાં સરસવનું તેલ ચાલે. અભ્યંગથી વૃદ્ધાવસ્થા અટલે, થાક મટે, વાયુનો ક્ષય થાય, આંખોનું તેજ વધે, શરીરમાં શક્તિ વધે, આયુષ્ય લંબાય, સારી ઉંઘ આવે, ચામડી ચમકીલી બને. ગરમ પાણીથી સ્નાન-ન્હાવાથી શરીરમાં તરત જ શક્તિનો સંચાર થાય છે. એટલે આયુર્વેદમાં કહેવાયું છે કે ગરમ પાણીથી સ્નાન (ટબમાં બેસવા સહિત) કરવાથી (માથાની નીચેના ભાગ માટે આ વાત થાય છે) ગરમ પાણી રેડવાથી શરીરમાં બળ વધે છે, પણ માથા પર ગરમ પાણી રેડવું નહીં.

રસાયણ દ્રવ્યોનું સેવન : ચ્યવનપ્રાશ જેવાં ચાટણી રસાયણ દ્રવ્યોમાં આવે છે અને એટલે જ હજારો વર્ષની પરંપરાથી આપણે ત્યાં શિયાળામાં શક્તિસંચય કરવા ચ્યવનપ્રાશ જેવાં ચાટણોનું મહત્ત્વ છે. આ સિવાય ભુખ સારી હોય તો અશ્વગંધાનો ક્ષીરપાક, શતાવરી ક્ષીરપાક, જેઠીમધ ક્ષીરપાક, બળદાણા ચૂર્ણ, દૂધ સાથે લેવાં. વરધારો અને તેનું ચુર્ણ દૂધ સાથે લેવું. કૌચાંપાક અને કૌચાંનું ચુર્ણ દૂધ સાથે લેવું પણ આટલું જ ફાયદાકારક છે.

આયુર્વેદમાં રસાયણ દ્રવ્યોને ઉર્જસ્કર બતાવવામાં આવ્યાં છે. ઉર્જસ્કર એટલે ઓજ વધારનાર અને ઓજ વધવાથી શરીરમાં બળવૃદ્ધિ થાય છે. આ બળવૃદ્ધિ મુખ્યત્વે રોગપ્રતિકાર શક્તિના રૂપમાં વધુ હોય છે. એટલે આવાં ઔષધો લેનાર વ્યક્તિ સામાન્ય રીતે શરીરે પુષ્ટ અને બળવાન હોય છે, છતાં આવી વ્યક્તિ જો દૂબળી પાતળી હોય તો પણ તેમાં રોગપ્રતિકાર શક્તિ જરૂર હોય છે.

- 'અખંડ આનંદ' માંથી સાભાર

# તમારૂ બાળક ખાવામાં અખાડા કરે ત્યારે...

સેટેલાઈટ ચેનલની ભરમારમાં, બે કાર્યક્રમની વચ્ચે અથવા સિરિયલ્સ વચ્ચે આવતા બ્રેકમાં આપણે તરેહ તરેહની જાહેરખબરો જોઈએ છીએ. ખાવાની ઈચ્છા ન ધરાવતો, પણ મમ્મીના મોમાંથી નુડલ્સનું નામ પડતાં જ એ ઝટપટ આરોગી જતો પેલો નટખટ નાનકો અથવા બાળકને જમાડવા એની પાછળ પાછળ દોડતી ચિંતિત મમ્મી, આહાર પ્રત્યે બેધ્યાન એવા બચુડાને પૂરતા પોષણ માટે અમુક ચોક્કસ આરોગ્યવર્ધક પીણું પીવડાવતી મમ્મી.. ટૂંકમાં, બાળકના ભરણપોષણની સતત ચિંતા કરતા મમ્મીને આપણે ટીવીના પરદા પર જોતા રહીએ છીએ. બાળક જન્મીને મોટું ન થાય ત્યાં સુધી માતાને એક જ વાતની ચિંતા હોય છે - મારા લાલને પૂરતું પોષણ તો મળતું હશે ને ?

જીવી જવું, ટકી રહેવું એ જીવસૃષ્ટિની જન્મજાત વૃત્તિ કે પાયાની જરૂરિયાત છે. આ વૃત્તિને ટકાવી રાખવામાં આહાર અને સંતાનપ્રાપ્તિ (પ્રજોત્પત્તિ) ઘણી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ધાવવું એ નવજાત શિશુની જન્મજાત વૃત્તિ છે. બાળક જન્મે છે ત્યારે સ્તનપાનની કળા શીખવી એણે કોઈ કોચિંગ ક્લાસમાં જવું પડતું નથી. ભલેને પૃથ્વી પર આવ્યાને માત્ર ગણતરીના જ કલાકો થયા હોય, સ્તનપાન એને માટે સાવ સહજ છે. જે ક્ષણે તમે નવજાત શિશુને માની છાતીસરસું ચાંપો, એ ધાવવાનું શરૂ કરી દે છે.



ભૂખ એ માગ અને પુરવઠાની ઘટના છે અર્થાત્ ભૂખ લાગી છે ? તે જમો, ભૂખ્યા થવા પાછળનું કારણ આપણે સ્પષ્ટપણે સમજ્યા નથી, પણ એનાં બે કારણ હોવા જોઈએ - એક, ખાલી પેટ મગજને જાણ કરે છે. હવે જમવાનો સમય થઈ ગયો છે અને બે, આપણે ભૂખ્યા થઈએ છીએ ત્યારે બ્લડ સુગરનું પ્રમાણ ઘટે છે અને ભૂખને સતત મોનિટર કરતા મગજને આ બ્લડ સુગરથી વિપરીત અસર થાય છે.

માનસશાસ્ત્રીઓએ અનેક વર્ષોથી જહેમત અને ઊંડા સંશોધન પછી શોધી કાઢ્યું છે કે ખોરાક, જો કે માનવજીવન ટકાવી રાખવા બિલકુલ જરૂરી છે આમ છતાં ખોરાકને માનવીની માનસિક જિંદગીના જતન કાજેના એક પ્રતીક તરીકે પણ જોવો જોઈએ. આહાર માણસની રીતભાતના નમૂનાનું પ્રતીક બની શકે છે.

માનસશાસ્ત્રીઓનાં સંશોધન કહે છે કે શિશુકાળમાં બાળકનું ભરણપોષણ કેવી રીતે થાય છે એના આધારે એની પર્સનાલિટી ડેવલપ (એના વ્યક્તિત્વનો વિકાસ) થાય છે. નવજાત શિશુનો માનવજાત સાથેનો સંબંધ બંધાય છે ખોરાક દ્વારા, માતા પોતાના શિશુને સ્તનપાન કરાવતી વખતે એને પોતાના હાથોમાં રાખે છે અને એ હાથોમાં બાળક એક અનેરી હૂંફ અનુભવે છે. આ ક્રિયા વખતે માતા અને બાળક વચ્ચે એક મૌન સંવાદ થાય છે, બંને એક અવર્ણનીય સ્નેહ અનુભવે છે. તાજા જન્મેલા બાળકનો પૃથ્વી પર આ પહેલવહેલો સામાજિક સંપર્ક.

આ પહેલી લેવડ-દેવડ (ફૂડનું ટ્રાન્જેક્શન) બાળકની ફૂડ હેબિટ્સ અને એની બિહેવિયર પેટર્ન નક્કી કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. બાળકની માતા પર આધાર રાખવાની આ અનુભૂતિ જેટલી પ્રબળ એટલી જ માતાની બાળક પ્રત્યેની લાગણી પ્રબળ અનુભવાય.

ઘણા લોકો માનસિક અસ્વસ્થતા અનુભવતા હોય કે હતાશાની લાગણી અનુભવતા હોય ત્યારે ખાવા બેસી જતા હોય છે. મગજની દશા જ્યારે અસ્વસ્થ હોય ત્યારે આહાર એ ડિસ્ટર્બ મગજને આશ્વાસન આપે છે.

દુનિયાભરમાં થયેલા અભ્યાસનું એક તારણ એ છે કે તમે જેને ચાહતા હો એનું તમને તરછોડી દેવું અથવા એક ખાસ સંબંધનું તૂટવું એ એક દર્દનાખ અનુભવ બની રહે છે. પછી ભલે ને જીવનનો કોઈપણ તબક્કો હોય, પણ આ અનુભવ જન્મ પછીના તરતના સમયકાળમાં અને બાળપણમાં તબક્કામાં વધારે દર્દનાક બની રહે છે, કારણ કે એ અવસ્થામાં ખાલીપો ભરી કાઢે એટલો બળવાન એનો અહં (ઈગો) હોતો નથી.

બાલ્યકાળમાં જો પૂરતી સારસંભાળ ન લેવાઈ હો તો એનાથી કેટલીક વાચિક (કે મૌખિક) ખામી સર્જાય છે, જેને વૈજ્ઞાનિક ભાષામાં ઓરલ ફિક્સેશન કહે છે. ઓરલ ફિક્સેશન બે પ્રકારના છે. એક, જન્મ પછીના છ મહિના દરમિયાન જો કંઈ સમસ્યા ઉભી થઈ હોય તો એવી વ્યક્તિમાં જીવન જીવવાની પોતાની ક્ષમતા વિશે આત્મવિશ્વાસ જ ન જાગે. એ પોતાની મેળે કંઈ કરી જ ન શકે, સિવાય કે કોઈ એની સતત દેખરેખ રાખે, ત્યાં સુધી કે કોળિયો એના મોંમા મૂકવો પડે.

બીજા પ્રકારનાં બાળકો એટલે ઓરલ એગ્રેસિવ કેરેક્ટર. આવા લોકો કોઈને ઠેસ પહોંચે એ રીતે એકદમ આક્રમક બનીને પોતાની જરૂરિયાત સંતોષે છે. ઉદાહરણ તરીકે, લેખક હોય તો એનાં લખાણમાં પોતે અનુભવેલી નિઃસહાયતા, લાચારી આવે. જ્યારે બિઝનેસમેન કે ફાઈનાન્સર આક્રમક, ઝનૂની બનીને યેનકેન પ્રકારેણ પૈસા ભેગા કરશે, કારણ કે પૈસા વિના એ પોતાની જાતને અસલામત અનુભવશે. પાસે પૈસા હશે તો જ હું ખોરાક ખરીદી શકીશ એવી એક ગ્રંથિ એનામાં બંધાઈ ગઈ હોય છે.

બાળકમાં આહારને લગતી ગરબડનાં એક કરતાં વધારે કારણ હોઈ શકે છે. જેમ કે : એનું એપેટાઈટ (ભૂખ, રૂચિ) જ ઓછું હોય... બાળક વધારે પડતો ખોરાક લેતું હોય.

બાળક ખાવામાં અખાડા કરતું હોય તો એનાં કારણ આ હોઈ શકે : એ ભૂખ્યું નથી. જોતાંવેંત તૂટી પડવાનું મન થાય એવું ભોજન નથી. એનું ચિત્ત બીજા કશાકમાં ચોટેંલું હોય.

આ બધા કારણમાં પહેલું કારણ મહત્ત્વનું છે. આપણે સૌ



જાણીએ છીએ તેમ, બાળકને ખાલી અમસ્તો આગ્રહ કર્યા કરવાનો કોઈ અર્થ નથી, કારણ કે એ ભૂખ્યું થશે તો જમશે જ. પણ મમ્મી કાયમ એમ જ સમજતી હોય છે કે બાળકને જમાડવાની જવાબદારી માતાની જ છે.

તમે આ મા-બાળક વચ્ચે પોતપોતાની ઈચ્છાનું દ્વંદ્વ કહી શકો : માતા ઈચ્છે છે કે મારો લાલ ફટાફટ કોળિયા ભરે અને બાળકને એ સમયે જમવાની બિલકુલ ઈચ્છા નથી. આમાં જમવું એ બાળકની જરૂરિયાત કરતાં માતાનો સંતોષ વધુ કામ કરી જાય છે. કટાણે બાળક કંઈ ખાવાનું નથી અને માતા સમજે છે પોતાના બાળકમાં કંઈ ગરબડ છે એ ખાતો કેમ નથી.. યાદ રાખો, બળજબરીથી બાળકને ખવડાવશો તો એ નક્કી અપસેટ થઈ જશે. ધીરે ધીરે ખાવામાંથી એનો રસ જ ઊડી જશે.

ઘણી મમ્મી એવો આગ્રહ સેવે છે કે બાળકને પ્લેટમાં જેટલું આપ્યું હોય એ બધું જ એણે પુરૂં કરવાનું. મોન્ટી, ચાલ જોઉં, બધું ફિનિશ કર તો... એવો સંવાદ બોલતી મમ્મીને આપણે સાંભળી છે. આવા આગ્રહ કે નિયમને કારણે બાળક પપ્પા-મમ્મીને ખુશ કરવા અંગ્રેજીમાં જેને ઓવરઈટિંગ (વધુ પડતું ખાવું) કરતું થઈ જાય છે.

ઘણાં મા-બાપ બાળક પાસેથી કશુંક કામ કઢાવવા એને ચોકલેટ્સ, આઈસ્કીમ વગેરે મનગમતી ચીજો ખવડાવતી લાંચ આપે છે. આગળ જતાં શરીરમાં ચરબી કે સ્થૂળતા ભરાવાનું આ પહેલું પગથિયું છે. પોતાને કેટલીક ભૂખ છે એ સમજી વિચારીને ખાતું બાળક હંમેશાં સ્વસ્થ રહે છે. ટૂંકમાં :

● બાળકને ખાવા માટે બળજબરી ન કરો. ● ખાવા-પીવાના નિયમ ન ઘડશો. ● બાળકની ઈચ્છા થાય અને એને ભૂખ લાગે ત્યારે ખાવા દો. ● એને જેટલું ખાવું હોય એટલું ખાવા દો. ● બાળકને મનગમતું અને થોડું થોડું ખાવાનું પીરસો. ● બને એટલો કુદરતી ખોરાક આપો. ખાવાની આઈટમને મિક્સરમાં ગ્રાઈન્ડ કરીને કે માવો બનાવીને ન આપો. ● બાળક ન ખાતું હોય તો એને ધમકાવશો નહીં. ● ખાવા માટે એને લાંચ ન આપશો. ● એનો ભોજન સમય આનંદમય બની રહે એનો ખાસ ખ્યાલ રાખજો.

ખાવા માટે બાળક નખરાં કરતું હોય તો એ માટેના કારણ શારીરિક કરતાં માનસિક વધુ હોય છે. અગાઉ આપણે જોયું એમ, જન્મ પછી કશુંક એવું બન્યું હોય જેને કારણ બાળકે માતાનો વિરહ સહન કરવો પડ્યો હોય તો એ પરિબળ બાળકના આહાર બાબત મહત્ત્વનો પૂરતો સમય આપી શકતી ન હોય, એને સ્તનપાન કરાવવામાં બેદરકાર રહેતી હોય અથવા ન કરે નારાયણ અને માતાનું અવસાન થઈ ગયું હોય અને બાળકના માનસપટ પર આ બધાની અસર થઈ હોય તો એ માટે હોમિયોપેથિક દવાઓ ઘણી છે.

લાગણીશૂન્ય થયેલી વ્યક્તિઓ માટે મેગ્નિશિયમ ગ્રુપની દવાઓ સારી છે. આ દવા ભૂખ જગાડે છે અને ખોરાક પચતો ન હોય તો એ સમસ્યા દૂર કરવાને સક્ષમ છે. આ દવાઓ એપેટાઈટ ઠીક કરે છે અને આહાર સાથે બાળકનો એક હેલ્ધી નાતો જોડે છે.

- ડૉ. સુનીતા પટેલ

# કલિનો વાસ

જૂના વખતની આ એક કથા છે.

એક રાજા એક બળદ અને એક ગાયને મારતો હતો. પરીક્ષિત રાજાએ આ જોયું. : એટલે તેણે પેલા રાજાનો સામનો કર્યો. પેલો રાજા ભય પામીને પરીક્ષિત રાજાને શરણે આવ્યો અને બોલ્યો : “હે પરીક્ષિત, મને જવા દો. હું તો કલિ છું.”

પરીક્ષિત રાજાએ બળદને પૂછ્યું : તમે કોણ છો અને શા માટે તમને આ કલિ પીડે છે ?

બળદ કહે : હે કૃપાળુ, હું ધર્મ છું. પરંતુ કાળબળને લીધે હું આટલો ક્ષીણ અને નિર્બળ બની ગયો છું !

પછી પરીક્ષિતે ગાયને પૂછ્યું : હે મૈયા, તમે કોણ છો ?

ગાય કહે : હે નરેશ, હું પૃથ્વી છું. હું વૃદ્ધ થઈ ગઈ છું અને ખૂબ દુબળી પણ પડી ગઈ છું. એટલે આ કલિ મને પીડી રહ્યો છે.!

પરીક્ષિત રાજા તો આ બધુ સાંભળીને વિમાસણમાં પડી ગયો. કલિ જેવા મહા બળવાનને શી શિક્ષા કરી શકાય ! છેવટે પરીક્ષિતે કલિને કહ્યું : હે કલિ, હું તમને જીવતદાન આપું છું. હવે પછી તમારે મારા રાજ્યમાં વાસ કરવો નહીં.

કલિ જરા નરમ પડી જઈને વિનંતી કરતો બોલ્યો : હે પરીક્ષિત, તમારા રાજ્યમાં અસંખ્ય જીવો રહે છે અને પોતાનું ગુજરાન ચલાવે છે. માટે કૃપા કરી મને પણ થોડી જગ્યા આપશો તો હું પણ મારૂં નિભાવી લઈશ.

પરીક્ષિત રાજાએ કહ્યું : ઠીક, ત્યારે બોલો, તમારે ક્યાં રહેવું છે.

કલિ : તમારી જ્યાં ઈચ્છા હોય ત્યાં તમારે વાસ કરવો.

પરીક્ષિત : જ્યાં જુગાર રમાતો હોય ત્યાં તમારે વાસ કરવો.

કલિ : અરે રારાજી, બસ એટલું જ ? મને એટલું શી રીતે પૂરતું થાય ?

પરીક્ષિત : તો પછી જ્યાં દારૂ વગેરે કેફી વસ્તુનું પાન થતું હોય ત્યાં પણ તમારે વાસ કરવો.

કલિ : હે કૃપાળુ, તમે જાણો તો છો જ કે મારો પરિવાર બહુ મોટો છે ! બીજે પણ ક્યાંક રહેવાની રજા આપો તો મોટો ઉપકાર થશે.

પરીક્ષિત : અરે, તમે તો વધારે ને વધારે માગવા લાગ્યા ! હવે આટલું છેવટે વધારે આપું છું : જ્યાં અનીતિથી ધન ભેગું કરાતું હોય ત્યાં તમારો વાસ થજો.

# AAYOG SURGICAL HOSPITAL

## Dr. Shail Sanghvi

M.B.B.S., M.S., F.M.A.S., F.I.C.S.

612, Swanik Arcade, Pragatinagar to K.K.Nagar Road, Nr. Vardan Tower, Nr. Arjun Homes, Naranpura, Ahmedabad-380 013. | Mobile : +91 96621 76179, +91 99243 64422 | E-mail : shailsanghvi83@yahoo.com

### LAPAROSCOPIC & GENERAL SURGEON
### લેપ્રોસ્કોપિક અને જનરલ સર્જન

#### લેપ્રોસ્કોપિક - એન્ડોસ્કોપિક સર્જરી

- એપેન્ડીક્સ, પિતાશયની સર્જરી
- સારણગાંઠ - સર્જરી
- પેટના દર્દોનું એન્ડોસ્કોપિક નિદાન

#### એન્ડોયુરોલોજી સર્જરી

(દૂરબીનથી સારવાર) :

- કીડની, પેશાબની નળીની પથરીની દૂરબીનથી (વાઢ કાપ વગર) સારવાર
- પ્રોસ્ટેટની લેસરથી સર્જરી

#### જનરલ સર્જરી

- હરસ, મસા, ભંગદરની સ્ટેપલર (વાઢ કાપ વગર) તથા લેસરથી સર્જરી
- થાઈરોઈડ તથા ગળાની ગાંઠની સર્જરી
- સ્વાદુપિંડ, પેટના દર્દોની સારવાર
- લીવરના દર્દોની સારવાર

#### કેન્સર સર્જરી

- થાઈરોઈડ, બ્રેસ્ટ, પ્રોસ્ટેટ કેન્સરની સર્જરી
- આંતરડાં, પેટના તથા અન્ય કેન્સરની સર્જરી
- મોંઢાના તથા જડબાના કેન્સરની સર્જરી

**Attached with SAL, STERLING, CIMS, MEDI SURGE, SAVIOUR**
**Medilink Hospital (Shymal Cross Road)**



A Complete Security & IT Solution Provider

# Infrasoul Techserve Pvt. Ltd.

Ph : 079 65 45 09 09 | www.infrasoul.com | info@infrasoul.com

HO : 805, Shapath 1, Opp. Rajpath Club, S.G.Highway, Ahmedabad. Branch : Baroda | Surat




**Associate Companies**

Sanghvi Consultancy | Providing all Types of Insurance Solutions

Sanghvi Infotech Pvt Ltd. | A Complete IT and Networking company

# શું તમે તમારા વજનમાં ઘટાડો કરી સ્વસ્થ અને સુખી જીવનની ઇચ્છા ધરાવો છો ?




શું તમે ડાયેટીંગથી કંટાળી ગયા છો?
શું તમે તમારા વજનથી ચિંતિત છો?
શું તમે એવા કપડા પહેરવા ઇચ્છો છો જે તમને હાલમાં ફિટ થતા ન હોય?

Nutrition 80% Exercise 20%

FREE Checkup & Consulting

## ઘરે બેઠા વજન ઘટાડો/વધારો

સલામત અને અસરકારક રીતે ૧ મહિનામાં ૫ કિલો સુધી

અમારું મિશન પોષકતત્વ છે...

સ્વાસ્થ સુધારો
એનર્જી વધારો
વજન નિયંત્રણ

કેવી રીતે અમને પૂછો

NIRAV DESAI : 9979932624
MAYURI DESAI : 9427626224



Milan Shah (Managing Director)
Cell: +91 92272 58500

AN ISO 9001:2015 CERTIFIED COMPANY

## Webplus INFOTECH

- Website Design & Development
- Search Engine Optimization (SEO)
- Android, iOS Mobile App Development
- Corporate Identity
- Domain & Website Hosting
- Software Development

CIN: U72200GJ2014PTC079036

WEBPLUS INFOTECH PVT. LTD.
H-310, Titanium City Center, Next to Sachin Tower, Beside IOC Petrol Pump, Satellite, Ahmedabad - 380051 Gujarat (INDIA)
Phone: Tel : +91 79 40091079, 40081079 Email ID: info@webplusinfotech.net Website: www.webplusinfotech.net



## DHOLAKIA STUDIO

B-1, Shivalik Business Center, B/h. Rajpath Club, Opp. Kensville golf academy,
S.G. Road, Ahmedabad-380054 • Ph. +91 79 29091133 / 92274 96961-2-3
Website: www.dholakiastudio.com • contact@dholakiastudio.com

New Attractions
- pre wedding shooting & Photography - indoor & out door
- DSLR video filming - short & long version
- best packages on studio photography - matrimonial - kids & family
- personalized gift items with photos - mug - t shirts - collages - gift cards etc.
- attractive photo frames
- video filming with HD cameras
- digital photography
- live telecast through internet
- documentary film
- commercial video - photography
- photo lamination - framing
- designer album
- old album to new album
- portraits - portfolio
- vhs / min dv / hdv to cd - dvd - blueray

**EVERYTHING IN VIDEO & PHOTOGRAPHY**

## રત્નમ્ આંખની હોસ્પિટલ

ફેકો અને લેસર સેન્ટર

ડૉ. જીમીત નરેન્દ્રકુમાર સંઘવી

M.S. (Ophthal) D.O. આંખના સર્જન

સોમવાર થી શનિવાર સમય :
સવારે ૧૧-૦૦ થી ૭-૩૦

૨૦૪, હાશ બિઝનેશ સેન્ટર, અંકુર સ્કૂલની પાસે, ફતેહપુરા, પાલડી, અમદાવાદ-૭ ફોન : ૨૬૬૪૨૩૪૭

Visit Us : www.ratnameyehospital.com



**: ઉપલબ્ધ સુવિધાઓ :**

- ફેકો (Phaco) પદ્ધતિથી મોતિયાના ઓપરેશન (Micro Phaco)
- લેસર મશીનથી આંખના નંબર દૂર કરવાની સુવિધા (Lasik - Carl Zeiss MEL 80)
- કોન્ટેક્ટ લેન્સ ક્લિનીક
- ઝામર (Glaucoma)નું નિદાન, સારવાર તથા ઓપરેશન
- ત્રાંસી આંખ, વેલ, પરવાળાનું ઓપરેશન
- લેસરથી છારી (PCO) કાઢવાની સગવડ
- પડદાને લગતા રોગોનું નિદાન તથા સલાહ કેન્દ્ર
- કોમ્પ્યુટર મશીનથી આંખના નંબરની તપાસ
- આંખને લગતા તમામ રોગોનું નિદાન તથા સારવાર કેન્દ્ર

MEL 80

**World Best Laser Machine *is now available at* RATNAM EYE HOSPITAL**

**મહિનાના પ્રથમ શનિવારે ફક્ત સમાજના સભ્યો માટે મફત તપાસ તથા રાહત દરે સારવાર માટે એપોઈન્ટમેન્ટ લઈને આવવું.**





## વસાણી બેગ મોલ

લેપટોપ બેગ, સ્કુલબેગ, ઓફિસ બેગ, ટ્રેકીંગ બેગ, લેડીઝ પર્સ, જેન્ટસ વોલેટ, કલ્ચ,લગ્નની આણાની બેગ, NRI બેગ, ટ્રાવેલ બેગ, સેટ નું સ્પેશીયલ ડીસકાઉન્ટ. કોમ્પલીમેન્ટ્રી માટે મોટા ઓર્ડર લેવામાં આવશે.

**(વસાણી ચંદુલાલ ખીમચંદ એન્ડ સન્સ)**

લાટી બજાર, ઝોન નં. ૪, જગન્નાથજી રોડ, સી એનજી. પેટ્રોલ પંપ પાસે, અમદાવાદ-૨૨. ફોન : ૦૭૯-૨૫૩૯૦૪૫૨ (મો.) ૯૭૨૪૪૪૪૪૪૩.




## M/s Vasani Prakashbhai Chandulal

Timber & Plywood Merchant

ઈમ્પોર્ટસ • ટીમ્બર પલાયવુડ મરચન્ટ • નાઈઝીરીયન સાગ • ઘાનાટીક

7/A, Sardar Patel, Municipal Market Zone No. 3, B/h. Gitamandir, Ahmedabad-22. M:9327008499 (O) 25327162 (R) 26630010



RERA REGISTERED

## Sale | Purchase | Rent | Lease

- Residential & Commercial Properties
- New/Upcoming Projects
- Plots & Land

PROPERTY NAVIGATORS LLP
— Your Guide for Real Estate —

### Deliver End to End Solutions:

- Real Estate Advisory
- Marketing & Promotion
- Property Valuation
- Legal Services
- Property Management
- Home Loan

**Note:** We do not Charge Brokerage on Booking in New Projects.
We Charge 1% Brokerage on Resale Properties.
We Charge 1 Month Rent as Brokerage on Rental Properties.

Follow us on :

Founder: Ankit Shah  7228000115  ankit@propertynavigators.co.in  propertynavigators.co.in

# શૌર્ય બાળકોની હોસ્પિટલ



**ડૉ. કાજલ શાહ**
એમ.ડી. (પિડિયા.)
M - 98257 93601

301-302, શીવાલીક-5, ઇન્દોર ચાટની ઉપર, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી.

કન્સલ્ટીંગ સમય - સવારે 11 થી 2, સાંજે 7 થી 8    ઇમરજન્સી સારવાર 24 કલાક

## ઉપલબ્ધ સેવાઓ



**જન્મથી લઇને 15 વર્ષ સુધીના તમામ બાળકોની સારવાર**

- **બાળકોને લગતા તમામ રોગોની સારવાર**
  મેલેરિયા, ડેન્ગ્યુ, ન્યુમોનિયા, વરાધ, ટાઇફોઇડ, સ્વાઇનફ્લુ, ખેંચ, હૃદય રોગ, વજન ના વધતું હોય, ભૂખ ના લાગવી

- **નવજાત શિશુને લગતા રોગો**
- અધૂરા મહિને જન્મેલા, ઓછા વજનવાળા
- નવજાત શિશુને થતા કમળાની અધતન લાઇટ પધ્ધતિથી સારવાર
- જન્મ પછી રડયું ના હોય
- બાળક ગંદુ પાણી પી ગયુ હોય





- **વેકસીનેશન સેન્ટર**
- તમામ પ્રકારની ઉચ્ચતમ કંપનીની અધતન રસી બાળરોગ નિષ્ણાંત (Child Specialist) દ્વારા
- વેકસીન આપ્યા પછી બાળકને કોઇપણ પ્રકારની તકલીફ (આડઅસર) ના થાય તે પ્રકારની Vaccination Technique

## શૌર્ય બાળકોની હોસ્પિટલમાં ઉપલબ્ધ સેવાઓ

અલ્ટ્રા મોડર્ન હોસ્પિટલ with all categories of rooms
- Special Room
- Deluxe Room
- VIP Room
- Premier Room

- NICU & ICU
- ટ્રેઈન્ડ નર્સીંગ સ્ટાફ તથા મેડીકલ ઓફીસર
- લગભગ તમામ કંપનીના મેડિકલેમ તથા કેશલેશની સુવિધા
- બાળસખા યોજના અંતર્ગત નવજાત શિશુની તદ્દન ફ્રી સારવાર

Market Touch - 9376038806



# D. D. ENTERPRISE

Cellar 1/2/3, Devashray App., Opp. Kothawala Flat,
Pritamnagar Road, Ellisbridge, Ahmedabad - 380 006
**Ph. 079-26585072, 079-26585092**
E-mail :- ddenterprise2007@rediffmail.com

**-: DISTRIBUTOR :-**
Garment, Hosiery & Loungewear

Jockey
Barry & Clark
Duke
Sherry
Sweet Dreams
Stori
Red Flame
Paras
Cool Babes

**Yash S. Doshi**
Ph : 079-26732449
• SPECTACLES
• CONTACT LENSES
• SUNGLASSES

**MAHAVIR OPTICALS**
BOTADWALA

*5, Arbuda Complex, Near Jain Derasar ,Opp. Prasad Tower,*
*Nehrunagar Circle,Ambwadi, Ahmedabad-380015.*
*(M) 9033691259 - Email-yashsdoshi@gmail.com*

સુખ છે "નીજ"માં સુખ નથી "પર"માં, સર્વ જીવો નીજ સુખ પામે.
જય જિનેન્દ્ર

**અરવિંદ સેલ્સ કોર્પોરેશન**
હોલસેલ સ્ટેશનર્સ, ગિફ્ટ આર્ટિકલ્સ,
નવા વર્ષની ડાયરી, ટેલિફોન ડાયરી વગેરે
૧૩, કનક ચેમ્બર્સ, ચંદ્રવિલાસ હોટલ સામે, ગાંધી રોડ, અમદાવાદ. ફોન : ૨૫૩૫૪૩૪૪, ૨૫૩૫૨૬૮૩
મો. : ૯૮૨૫૦ ૧૧૫૦૩, ૯૮૨૪૪ ૧૧૫૦૨; (ઘર) ૨૬૬૫૦૮૬૩, ૨૬૪૦૯૨૩૨

**સખીદાસ પરિવારના જય જિનેન્દ્ર**

Where Health Thrives...
**Satva**
Physiotherapy & Yoga Centre

**ડૉ. નિસર્ગ કોઠારી | 8141402029**
(M.P.T. કાર્ડિયોપલ્મોનરી)
ભૂતપૂર્વ ફિઝિયોથેરાપીસ્ટ સ્ટર્લીંગ અને શેલ્બી હોસ્પીટલ

**ડૉ. શિવાની કોઠારી**
(B.P.T., DNHE)

**ઉપલબ્ધ સારવાર**
- ગરદન, ખભા, મણકા અને ઘૂંટણના દુ:ખાવાની અદ્યતન મશીન ધ્વારા સારવાર.
- કોઇપણ ફ્રેક્ચર અને ફ્રેક્ચરના ઓપરેશન પછીની કસરતો
- થાપા અને ઘુંટણના પ્રત્યારોપણ પછીની કસરતો
- રમત-ગમત ધ્વારા થતી ઇજાની સારવાર
- લકવો, સાયટીકા, બેલ્સ પાલ્સીની સારવાર
- પલ્મોનરી રીહેબીલીટેશન (શ્વાસને લગતી) ઓક્સીજન સાથે
- કાર્ડીયાક રીહેબીલીટેશન (હૃદયને લગતી)
- ડાયેટ કાઉન્સીલીંગ
- યોગા

જૈન સમાજના સભ્યો માટે રાહત દરે નિદાન તથા સારવાર.
સમય : સવારે ૯ થી ૧ કલાકે • સાંજે : ૪ થી ૮ કલાકે

૩૧૦, શાંગ્રીલા આર્કેડ, શ્યામલ ચાર રસ્તા પાસે, આનંદનગર રોડ, સેટેલાઇટ, અમદાવાદ-૧૫. ફોન નંબર ૦૭૯-૨૬૭૬૨૦૨૯




*A Place Where People Trust*
**RAJENDRA A.**
JEWELLERS PVT. LTD.
Gold, Diamond & Silver Antique Jewellery
(Govt. Approved Valuer)

6 - G Floor, 103 - 1st Floor, National Plaza,
C.G. Road, Opp. Lal Bungalow, Ahmedabad-380009.
Phone : 26560670, 26560671

Published On 18th of Every Month & Permitted to post at Ahd. PSO on 18'th E/M Valid up to 31-12-2020

ઓક્ટોબર - ૨૦૧૯ પાના નં. ૫૬ R.N.I. No. GUJGUJ/2004/14264 Reg. No. GUJ-314/2018-2020

SMART™ TOTAL KNEE REPLACEMENT WITH ABC™ TECHNIQUE



**ડૉ. અમીર સંઘવી**
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ એન્ડ માઈક્રોપ્લાસ્ટી સર્જન
જોઈન્ટ રીપ્લેસમેન્ટમાં ફેલોશીપસ : ઓસ્ટ્રેલિયા, યુ.કે., ઈટલી અને યુ.એસ.એ.
+91 98250 66013

ડૉ. અતીત શર્મા
ની હિપ એન્ડ શોલ્ડર રિપ્લેસમેન્ટ સર્જન
+91 98240 61766

ડૉ. ચિરાગ પટેલ
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 24473

ડૉ. હેમાંગ અંબાની
ની રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 20120

**અત્યાધુનિક હાઈપરફોર્મન્સ સાંધાઓ સાથે**

- આપ પલાઠી વાળી બેસી શકશો
- કુદરતી ઘૂંટણ જેવો અનુભવ
- ની જોઈન્ટનું લાંબુ આયુષ્ય



એપોઈન્ટમેન્ટ માટે કોલ કરો
**+91 95744 45559**

Shree Orthocare
Strength in Togetherness

KD Hospital
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ

**KD HOSPITAL**
Near Vaishnavdevi Circle, SG Road, Ahmedabad.
Email : shreeorthocare@gmail.com • Website : www.shreeorthocare.com

પ્રેષક : If undelivered to return to Reg. No. GUJ-314/2018-2020 Valid up to 31-12-2020

**શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ**
"શાન્તમ્", પાંચમો માળ, હેવમોર રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા,
અમદાવાદ - ૯. ફોન : ૨૬૪૨૫૬૭૦

પ્રતિ શ્રી, ____________________